હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બાપા... ઓલો ફોરેન જતો રહ્યો... અને ઓલામને... દંડ ભરી છોડ્યા, ... એ તમે ન સમજો... આને આર્ટ - ઓફ - ગીવીંગ કહેવાય...!!

આજે શહેર-જિલ્લાની આરોગ્ય સેવાઓની સમીક્ષા બેઠક

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર અને જિલ્લાની આરોગ્ય વિષયક સેવાઓ અંગે આજે રાજયના આરોગ્ય કમિશ્નરશ્રી ગુપ્તા દ્વારા તાકીદની સમીક્ષા બેઠક યોજવામાં આવી છે.

મળતી વિગતો મુજબ આરોગ્ય વિષયક સેવાઓ અંગેની આ સમીક્ષા બેઠક માટે જિલ્લા કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી તથા મ્યુનિ. કમિશ્નરશ્રી અને આરોગ્યના તમામ અધિકારીઓને હાજર રહેવા જણાવાયું છે.

શાળા-આરોગ્ય ચકાસણીની કામગીરી તાજેતરમાં પૂર્ણ થઈ છે. આ ઉપરાંત જિલ્લામાં ચાલી રહેલા ડોર ટુ ડોર સર્વેલન્સમાં ધીમી કામગીરી ઉપરાંત ગતિશીલ ગુજરાતના લક્ષ્યાંકોમાં નબળી કામગીરીને ધ્યાને રાખી આ બેઠક યોજવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર સિવિલ સુપ્રિટેન્ડન્ટને પણ આ બેઠકમાં હાજર રહેવા જણાવાયુ છે. શહેરની અને જિલ્લાનુ સૌથી મોટુ આરોગ્ય કેન્દ્ર સિવિલ હોસ્પિટલની સેવાઓને લઈ ફરિયાદો વધી છે. આ ઉપરાંત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ તબીબો ફરજના સ્થળે રાત્રી નિવાસ નહિ કરતા હોવા સહિતની ફરિયાદો, જિલ્લામાં સરકારી દવાખાનામાં ઓછી પ્રસુતિ જેવા મુદ્દાઓ પર ઝીણવટભરી ચર્ચા આ બેઠકમાં કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

જિલ્લામાં પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળાની સ્થિતિને લઈ પણ આ બેઠકમાં સમીક્ષા થશે. ગાંધીનગર શહેરમાં વિવિધ સેક્ટરોમાં આવેલા સરકારી દવાખાનાઓમાં ઘટતી જતી પેશન્ટોની સંખ્યા, ગાંધીનગર મહાનગરપાકિાને આરોગ્ય સેવાઓ સોંપવા બાબત અંગે પણ ચર્ચાઓ થાય તેવા નિર્દેશો મળી રહ્યા છે.

આરોગ્યની ખાલી જગ્યાઓ અંગે અને સેવાના સઘનીકરણ માટે આ બેઠકમાં કેટલાક મહત્વના નિર્ણય લેવાય તેવી પણ શક્યતા છે.

લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા તાજેતરમાં વુમન્સ ડે ની ઉજવણીના ભાગરુપે રેડીયો એફએમ ૯૪.૩ જીઓ દિલ સે દ્વારા દાવતે મ્યુઝીક નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવિધ ક્ષેત્રની જાણીતી મહિલાઓ હાજર રહીને મહિલાઓને માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા વિશ્વ મહિલા દિનની ઉજવણી અંતગર્ત રેડીયો એફએમ ૯૪.૩ જીયો દિલ સે દ્વારા દાવતે મ્યુઝીકનું કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. આ ઉજવણીમાં જાણીતા નિર્માત્રી, એક્ટ્રેસ, આરતી પટેલ દ્વારા સ્ત્રીના અસ્તિત્વ વિશેની ખૂબ હૃદયસ્પર્શી વાત રજુ કરવામાં આવી હતી. જયારે આ પ્રસંગે હાજર અન્ય મહિલા અગ્રણી જીવન આસ્થા હેલ્પલાઈનના કાઉન્સીલર અદિતિ દેસાઈ દ્વારા જીવન આસ્થા હેલ્પલાઈન વિશે ખૂબ જ ઉપયોગી માહિતી પુરી પાડવામાં આવી હતી. જયારે જાણીતા સ્વીમર મેઘનાબેન એરડા દ્વારા ખુબ જ ઉપયોગી હેલ્થ ટીપ્સ આપી હતી.આ કાર્યક્રમમાં કલબના સભ્યોની દિકરીઓ દ્વારા સુંદર ડાન્સ રજુ કર્યો હતો. સંસ્થાના પ્રમુખ વૈશાલી જોષી, ભૂ.પૂ. પ્રમુખ મમતાબેન રાવલ, સેક્રેટરી દક્ષા જાદવ તથા કલબના અન્ય સભ્યો હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ખૂણે ખાંચરેથી...

● આજે વિધાનસભા ગૃહમાં પ્રશ્નોત્તરીના અગ્રતા ક્રમમાં કોંગ્રેસના શ્રી અમીત ચૌધરીનો પ્રથમ નિયત થયો હોવાથી જિલ્લાના રાંધેજા-બાલવા માર્ગથી પ્રશ્નોત્તરીનો પ્રારંભ થયો હતો.

● આજે વિધાનસભામાં મહિલા મુલાકાતીઓની સંખ્યા મોટી હતી.

● સામાન્ય વહીવટ વિભાગની માંગણીઓનો જવાબ રમણ વોરાએ તો માહિતી પ્રસારણનો જવાબ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા અને મહેસુલ વિભાગની માંગણીઓનો જવાબ નીતિનભાઈ પટેલે આપ્યો હતો.

● ગાંધીનગર શહેરમાં વાઈરલ ફિવર અને શરદી ખાંસીના દર્દીઓની સંખ્યા રોજેરોજ વધી રહી છે.

● જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મમતા કાર્ડ લેવા મહિલાઓને ધક્કા બહુ ખાવા પડતા હોવાની ફરિયાદો ઉઠી છે.

● ગાંધીનગર જિલ્લા પોલીસ વડાએ આજે ગાંધીનગર પોલીસ અધિક્ષક તરીકેનો એક વર્ષનો કાર્યકાળ પૂર્ણ કર્યો છે.

● 'ચ' માર્ગ પર વાહનોની ગતિ મર્યાદાનું ચુસ્તપણે અમલ થાય તેવી માંગ ઉઠી રહી છે.

● ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની અને બંધ પડેલી સોલાર લાઈટો ચાલુ કરવાની માંગ તીવ્ર બની રહી છે.

મુખ્યમંત્રીનો રાજયકક્ષાનો જનફરિયાદ નિવારણ કાર્યક્રમ ૨૨મીએ યોજાશે

ગાંધીનગર, તા.૧૦

મુખ્યમંત્રીશ્રીનો જનફરિયાદ નિવારણ કાર્યક્રમ 'સ્વાગત ઓનલાઈન'નો રાજયકક્ષાનો 'સ્વાગત કાર્યક્રમ આગામી મંગળવાર તા. ૨૨ માર્ચ ૨૦૧૬ના યોજાશે.

સામાન્યતઃ દર મહિનાના ચોથા ગુરૂવારે યોજાતો સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ આગામી ગુરૂવાર તા. ૨૪ માર્ચ ૨૦૧૬ના ધૂળેટીની જાહેર રજાના સંદર્ભમાં મંગળવાર તા. ૨૨ માર્ચે યોજાઈ રહ્યો છે.

ગ્રામ તાલુકા સ્વાગત રાબેતા મુજબ બુધવાર તા. ૨૩ માર્ચના જ યોજાશે. સૌ સંબંધિતોને આ અંગેની નોંધ લેવા મુખ્યમંત્રીશ્રીના જનસંપર્કએકમના નાયબ સચિવ શ્રી હેમાંગ પુરોહિતે જણાવ્યું છે.

લખનૌ મહાનગર નિગમના ૬૦ નગરસેવકો મુખ્યમંત્રીની મુલાકાતે

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની આજે ગાંધીનગરમાં લખનૌ મહાનગર નિગમના ૬૦ જેટલા નગરસેવકો-કોર્પોરેટરશ્રીઓએ શુભેચ્છા મુલાકાત

લીધી હતી લખનૌ મહાનગરપાલિકાના આ કોર્પોરેટરશ્રીઓ ગુજરાતની સર્વગ્રાહી ગતિશીલ વિકાસયાત્રાના અભ્યાસ નિદર્શન હેતુ રાજયના પ્રવાસે આવેલા છે. મુખ્યમંત્રીશ્રી સાથેની વાતચીતમાં આ સર્વપક્ષીય નગરસેવકોએ ગુજરાતે સુશાસન-ગુડગર્વનન્સની જે પરિપાટી વિકસાવીને સર્વાંગી વિકાસની કેડી કંડારી છે તેનાથી તેઓ પ્રભાવિત થયા હોવાનું જણાવ્યું હતું. નગરસેવકોએ સાબરમતી રિવરફ્રન્ટ, ગાંધીઆશ્રમ તથા મહાત્મા મંદિરની પણ અભ્યાસ મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીશ્રીએ લખનૌ મહાનગરના આ નગરસેવકોને ગુજરાતમાં માતા-બહેનો માટે આરોગ્યલક્ષી અભિયાન તહેત વિના મૂલ્યે બ્રેસ્ટ-સર્વાઈકલ કેન્સર પરિક્ષણ નિદાન સારવારનો લાભ ૬૬ લાખ મહિલાઓએ લીધો છે તેની ભૂમિકા આપી હતી. તેમણે ગુજરાતમાં સૌના આરોગ્ય સુખાકારી માટેપ્રતિબધ્ધ રાજય સરકારે ડાયાબિટીસ સ્કીનીંગ, બાળકોના વાંકા ચૂકા હાથ-પગ, તૂટેલા હોઠ-તાળવા, કોકલીયર ઈમ્પ્લાન્ટ, મુખ્યમંત્રી અમૃતમ વાતસલ્યમ જેવી આરોગ્યલક્ષી કાર્યક્રમોની વિગતો આપી હતી.

દારૂના કટીંગ વખતે પોલીસનાં દરોડામાં ભાગી ગયેલો બુટલેગર પકડાયો

તારાપુર પાસે એક મહિના પહેલા એસઓજીએ કટીંગ વખતે દરોડો પાડયો હતો : ધોળાકુવાના બુટલેગર મુકેશની ધરપકડ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર એસઓજીની ટીમે એક મહિના પહેલા મોડી રાત્રે તારાપુર પાટીયા પાસે દારૂનું કટીંગ ચાલી રહ્યું હતું તે જ સમયે દરોડો પાડીને ત્રણ વાહનો સાથે દારૂનો મસ મોટો જથ્થો પકડી પાડયો હતો. આ પ્રકરણમાં પોલીસને ન્યાય આપીને ત્રણ બુટલેગરો ભાગી ગયા હતા. જે પૈકી એક ધોળાકુવાનો લીસ્ટેડ બુટેલગર મુકેશ ઠાકોર ગઈ કાલે એસઓજીના સકંજામાં આવી ગયો હતો. પોલીસે તેની ધરપકડ કરી પુછપરછ શરુ કરી છે.

એસઓજી પીઆઈ પરાગ ચૌહાણની સુચનાથી પીએસઆઈ એમ.પી. ચૌહણ તથા તેમની ટીમે

વોન્ટેડ આરોપીઓની શોધખોળ માટે બાતમીદારો સક્રીય કર્યા છે ત્યારે ૧૧મી ફેબ્રુઆરીએ એસઓજીની ટીમે પીક અપ ડાલામાંથી આઈ-૨૦ અને સ્કોડા ગાડીમાં વિદેશી દારૂનું થઈ રહેલું કટીંગ રંગે હાથ પકડી પાડયું હતું. તેમાં એક નવા વાડજનો શખ્સ ધનંજય જેસીંગ પરમાર પકડાઈ ગયો હતો જયારે ત્રણ બુટલેગરો નાસી છુટવામાં સફળ રહ્યા હતા. ગઈ કાલે બાતમીને આધારે એસઓજી પીએસઆઈ એમ.પી. ચૌહાણ તથા તેમની ટીમના ધિરેન્દ્રસિંહ, ગજેન્દ્રસિંહ સહિતના માણસોએ ફરાર થઈ ગયેલા ધોળાકુવાના બુટલેગર મુકેશ ઠાકોરને પકડી પાડયો હતો. પોલીસે તેની ધરપકડ કરીને ઊંડી પુછપરછ શરુ કરી છે.

ફાયર અને સેફટી પર સેમિનારનું આયોજન

અમદાવાદ, તા.૧૦

ફાયરશેફ વર્લ્ડ મેગેઝિન દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા દિન ઉજવણીના ભાગરૂપે ફાયર અને સેફટી પરનો એક દિવસનો સેમિનાર આજે શહેરમાં યોજાયો હતો. આજે યોજાયેલા સેમિનારમાં સાત મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા. તેમાં સેફટી મેનેજમેન્ટ, મહત્વનાં એક્સિડન્ટ હેઝાર્ડ યુનિટસ માટેની તૈયારી અને આયોજન, વ્યવ્સાયિક સ્વાસ્થ્ય સંભાળ દેખરેખ અકસ્માતોથી શીખવા મળતા પદાર્થપાઠ, એચએસઈ ઓડિટસ અને ફાયર સેફટી રેગ્યુલેટરી વ્યુવહરચનાઓનું આત્મનિરિક્ષણ વગેરેનો સમાવેશ થાય છે. ૨૦૦૭માં બંદર વિભાગને એવું લાગ્યું કે, વેસલ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ માટે કોન્ટ્રાક્ટ કરવો છે. ૨૬મી ફેબ્રુઆરી ૨૦૦૭ના દિવસે એક કોન્ટ્રાક્ટ કરાયો હતો. આતશનોર નામની કંપની સાથે આ કોન્ટ્રાક્ટ કરાયો હતો. તેમણે આક્ષેપ કરતા કહ્યું હતું કે, આમા પણ મોટાપાયે ભ્રષ્ટાચારની બાબત સપાટી ઉપર આવી હતી. ગુજરાત રાજ્ય પાસે આઠ જેટીઓ છે.

કલોલની કેરેવાન હાઈસ્કુલમાં વિદ્યાર્થી કોપી કરતા ઝડપાયો

ગાંધીનગર તા ૧૦

ધોરણ-૧૦માં આજે વિજ્ઞાન વિષયની પરિક્ષા દરમિયાન કલોલની કેરેવાન હાઈસ્કુલમાં એક વિદ્યાર્થીને અપેક્ષિતમાંથી કોપી કરતો સુપરવાઈઝરે ઝડપી લીધો હતો. કલોલ ભારત વિદ્યાલયના આ વિદ્યાર્થીનો નંબર કેરેવાન હાઈસ્કુલમાં આવ્યો હતો. રીપીટર વિદ્યાર્થી કોપી કરતો ઝડપાતા તેણે ઉત્તરવહીના પણ ટુકડા કરી નાંખ્યા હતા. અંતે સુપરવાઈઝરે બોર્ડના અધિકારીઓને જાણ કરતા વિદ્યાર્થી સામે કોપી કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

ધોરણ -૧૦ ની બોર્ડ પરિક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પરિક્ષાખંડોમાં સી સી ટીવી કેમેરા લગાવી દેવામાં આવ્યા છે. જયારે સી સી ટીવી કેમેરાના ફુટેજનુ પણ બોર્ડની કચેરીમાં લાઈવ સ્કીનીંગ કરવામાં આવી રહયુ છે. આજે ધોરણ ૧૦માં વિજ્ઞાન વિષયની પરિક્ષા લેવામાં આવી હતી. આ દરમિયાન કલોલની કેરેવાન હાઈસ્કુલમાં એક વિદ્યાર્થીને સુપરવાઈઝરે કોપી કરતો ઝડપી લીધો હતો. જયારે આ દરમિયાન વિદ્યાર્થીએ દાદાગીરી કરતા સુપરવાઈઝરે પોલીસની મદદ લીધી હતી પોલીસ આવતા વિદ્યાર્થી સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.પરિક્ષા દરમિયાન ગાલા -૨૦૧૬ની અપેક્ષિતમાંથી કોપી કરતા આ વિદ્યાર્થી સુપરવાઈઝરની નજરે ચઢી જતા તેની ઉત્તરવહી લઈ લેવામાં આવી હતી. જો કે આ વિદ્યાર્થીએ ઉત્તરવહીના ટુકડા કરી નાંખ્યા હતા. જેથી અપેક્ષિત તેમજ ઉત્તરવહીના ટુકડા કબજે લઈ તેની સામે બોર્ડ દ્વારા કોપી કેસ દાખલ કરવામાં આવ્યો હતો. કોપીકેસમાં ઝડપાયેલા આ વિદ્યાર્થી કલોલ ભારત હાઈસ્કુલનો છે. જયારે રીપીટર વિદ્યાર્થીનો નંબર કેરેવાન હાઈસ્કુલમાં આવ્યો હતો. જયાં આજે પરિક્ષા દરમિયાન તેની સામે કાપલી કરવા બદલ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ભારત હાઈસ્કુલના રીપીટર વિદ્યાર્થી અપેક્ષિતમાંથી કોપી કરતો ઝડપાતા તેણે ઉત્તરવહીના પણ ટુકડા કરી નાંખ્યા. દાદાગીરી સુપરવાઈઝરે પોલીસ બોલાવી

ભાજપનો ગતિશીલ ભ્રષ્ટાચાર જાહેર થઈ ગયો છે : શક્તિસિંહ

ગાંધીનગર,તા. ૧૦

ગુજરાત વિધાનસભામાં બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, સામાન્ય વહીવટ વિભાગ તથા માહિતી અને પ્રસારણ વિભાગની માંગણીઓ પરની ચર્ચામાં ભાગ લેતા કોંગ્રેસના વરિષ્ઠ નેતા શક્તિસિંહ ગોહિલે સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, ભાજપ સરકાર મોટાભાગના વિષયમાં ઉદાસીનતા દર્શાવે છે. તેમણે કહ્યું હતું કે, ખાનગી બંદરો ધમધમે છે પરંતુ સરકારી જેટીઓ માત્ર ૫૦ ટકા જ કામ કરે છે.

વિધાનસભા ગૃહમાં શક્તિસિંહે અનેક મુદ્દા ઉપર સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, ભાજપનો ગતિશીલ ભ્રષ્ટાચાર જાહેર થઈ રહ્યો છે. આતશનોર કન્ટ્રોલ કંપનીએ અધિકાર બહારના ૧ એબજ ૪૯ કરોડ ૩૮ લાખ પડાવ્યા છે. મંત્રીઓ સત્ય, નિષ્ઠા અને પ્રમાણિકતાના સોગંદ ખાધા પછી તેના વિરુદ્ધનું કામ કરે છે. અગાઉ બટાકા ગુજરાત બહાર લઈ જવા સરકાર ખેડૂતોને સબસિડી આપશે તેવી વાત થઈ હતી પરંતુ છ મહિના પછી પ્રશ્ન પુછાયો ત્યારે પોલ ખુલી ગઈ હતી અને આવી કોઈ યોજના હોવાનો ઈન્કાર કરાયો હતો. શક્તિસિંહે માહિતી આપતા કહ્યું હતું કે, ગુજરાત એક નસીબદાર રાજ્ય છે જેની પાસે ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકાંઠો છે. એક કંડલા મહાબંદર છે અને ૪૧ બંદરો આવેલા છે. કુદરતે ગુજરાતને ખુબ સાનુકુળ પરિસ્થિતિ આપી હોવા છતાં બંદર વિભાગમાં જે કંઈપણ બાબતો ચાલે છે તેના એક દાખલાથી તેઓ શરૂઆત કરવા માંગે છે. દેશમાં તમામ મોટા બંદરોમાં વેસલ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમની જવાબદારી કોની છે. એ જવાબદારી માટે ક્યારે ફી સામાન્યરીતે આખા દેશમાં લેવાતી નથી. આપણા ત્યાં પણ લેવાતી ન હતી.

જાણીતા ઉધોગ સાહસિક પાબીબેને વડાપ્રધાનની શુભેચ્છા મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૦

ગુજરાતના માલધારી સમાજના ઉધોગ સાહસિક પાબીબેન અને ગુજરાત ગોપાલક મંડળના અધ્યક્ષ અને પ્રતિનિધિઓના મંડળે તાજેતરમાં ભારતના વડાપ્રધાન નરેનદ્રભાઈ મોદીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન મેઈક ઈન ઈન્ડિયાના અભિયાનથી પ્રેરાઈને પોતે શરુ કરેલા પાબીબેન ડોટ કોમને મળેલી સફળતાએ તેમને બોલીવુડ અને હોલીવુડ સુધીની સફરે કેવી રીતે પહોંચાડયા તેની રસપ્રદ માહિતી આપી હતી.

ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ. ગાંધીનગરના અધ્યક્ષ અરજણભાઈ રબારીની આગેવની હેઠળનું પ્રતિનિધિ મંડળે ગત્ તા.૮ મી માર્ચના રોજ દિલ્હી ખાતે પ્રધાનમંત્રી નરેનદ્રભાઈ મોદીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. મહિલા દિન હોવાથી કચ્છી સાહસિક મહિલા પાબીબેન રબારીએ પોતાના સાહસની વિગતવાર માહિતી આપી હતી.ગુજરતાના માલધારી સમાજ

અંગેની તેમજ ગુજરાતના વિકાસની વાત અને મેઈક ઈન ઈન્ડિયા અંતર્ગત મહિલા ઉધોગ સાહસિક પાબીબેને પ્રધાનમંત્રીને મળીને મેઈક ઈન ઈન્ડિયાના અભિયાનથી પ્રેરાઈને પોતે શરુ કરેલા પાબીબેન ડોટ કોમને મળેલી સફળતા તેમને હોલીવૂડ અને બોલીવૂડ સુધી કેવી રીતે પહોંચાડી તેની રસપ્રદ માહિતી આપી હતી. ગૃહ ઉધોગમાં ૫૦ કારીગર બહેનોને રોજગારી પુરી પાડે છે અને તેમના દ્વારા તૈયાર કરેલી આઈપેડ બેગ પ્રધાનમંત્રીને શુભેચ્છારૂપે ભેટ આપી હતી. મહિલા દિવસે થયેલી આ મુલાકાતથી પાબીબેન ખુબ જ ગર્વની લાગણી વ્યકત કરતા જણાવે છેકે પાબીબેનનું એનડીટીવીના વૂમન ઓફ વર્થ એવોર્ડ માટે નામાંકન થયું છે. તે સિવાય અનેકવિધ એવોર્ડ મેળવી ચુકેલા પાબીબેન અત્યારે દિલ્હી હાટ ખાતે પોતાની કારીગરીના પ્રદર્શન માટે આવ્યા હતા. પાબીબેન ડોટ કોમ દ્વારા વડાપ્રધાનના બાળપણથી લઈને અત્યાર સુધીના સમયના ફોટોગ્રાફનો એક આલ્બમ પણ શુભેચ્છારૂપે અર્પણ કરવામાં આવ્યો હતો. આ મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી એ કચ્છની જુની યાદો વાગોળી હતી. માલધારી સમાજ સાથે વાતચીત કરીને સમાજલક્ષી સવાલ જવાબ આગેવાનો સાથે કર્યા હતા. નિગમની માલધારીલક્ષી સેવાકીય પ્રવૃતિની જાણકારી મેળવી હતી. માલધારી સમાજના આગેવાનોએ વડાપ્રધાનનું પરંપરાગત વસ્ત્રોથી સન્માન કર્યું હતું. કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા, જિલ્લા પંચાયત કચ્છના સદસ્ય ખોડાભાઈ રબારી, માંડણભાઈ રબારી, જેમલભાઈ રબારી, રૂપાભાઈ રબારી, આંબાભાઈ રબારી, ધનાભાઈ રબારી, દેવશીભાઈ રબારી, મોતીભાઈ ભરવાડ તેમજ ગોપાલક વિકાસ નિગમના મેનેજીંગ ડિરેક્ટર જયશ્રબેન દેવાંગન હાજર રહ્યા હતા.